પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯૩ | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨, શુક્રવાર; ભાદરવા વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

દેશમાં PFIના નેતાઓને ત્યાં NIA-EDના દરોડા

ટેરર ફન્ડિંગ કેમ્પ ચલાવવાના મામલે PFI વિરુદ્ધ કાર્યવાહી : કેરળમાં PFIના વિવધ ઠેકાણાઓ પર NIA અને EDએ રેડ કરી છે, રેડ PFIના રાજ્ય, ડિસ્ટ્રીક્ટ લેવલના નેતાઓના ઘરે કરવામાં આવી છે

તિરુવનતપુરમ,તા.૨૨

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી અને એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટોરેટે કેરળના તિરુવંનપુરમ ખાતે આવેલા પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા ના નેતાઓના ઘરે ગુરુવારે દરોડા પાડ્યા છે. રેડ PFIના રાજય અને જિલ્લા સ્તરના તમામ નેતાઓને ઘરે પાડવામાં આવી છે. ઓએમએ સલામ, માંજરીના PFIના ચેરમેન, મલ્લાપુરમ જિલ્લા અને PFIની ઓફિસ ખાતે આ રેડ મતરાતે કરવામાં આવી છે. એનઆઈએ અને ઈડીની રડાર પર PFIના ચેરમેન ઓએમએ સલામ પણ છે. તેમના ઘરે પણ અડધીરાતે રેડ કરવામાં આવી છે. એનઆઈએ અને ઈડીએ બુધવારે અડધી રાતે અચાનક જ મલપ્પુરમ જિલ્લાના મંજેરીમાં પીએફઆઈ અધ્યક્ષ ઓમએ સલામના ઘરે રેડ કરી. રેડ હજી પણ ચાલી રહી છે અને આ દરમિયાન કાર્યકર્તાઓએ દેખાવો કર્યા હતા. ચેરમેનના ઘરની બહાર મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ દેખાવો કર્યા હતા. ટેરર ફન્ડિંગ અને કેમ્પ ચલાવવાના મામલામાં સમગ્ર દેશમાં PFIની વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

● અનુસંધાન પાન-૭ પર

ગરીબ વર્ગની મહત્વકાંક્ષા પૂરી કરવા માટે EWS જરૂરી

SC/ST અને OBC ક્વોટાને નહીં થાય અસર : જનરલ કેટેગરીના ગરીબ બાળકો, જેઓ સ્કૂલે જઈ શકતા નથી તેમની મદદ કરવા સરકાર બંધાયેલી છે

નવી દિલ્હી,તા.૨૨

જનરલ ક્લાસના આર્થિક રીતે નબળા વર્ગ માટે ૧૦ ટકાના ક્વોટાને ન્યાયી ઠેરવતા કેન્દ્રએ દલીલ કરી હતી કે, ગરીબોની મદદ કરવા માટે હાથ લંબાવવો તે બંધારણીય જવાબદારી છે અને જે લોકોને તેમની આર્થિક સ્થિતિના કારણે તક નથી મળતી તેમની આકાંક્ષાઓને પૂર્ણ કરવી તે સરકારની ફરજ છે. ચીફ જસ્ટિસ યુ.યુ. લિલત, જસ્ટિસ દિનેશ મહેશ્વરી, એસ રવિન્દ્ર ભાટ, બેલા એમ. ત્રિવેદી અને જે.બી. પારડીવાલાની ખંડપીઠ સમક્ષ હાજર થતાં

● અનુસંધાન પાન-૭ પર

ભારતીય રૂપિયો ડોલરની સામે ૮૦.૮૬ની રેકોર્ડ નીચી સપાટીએ

ફેડરલ રિઝર્વે વ્યાજના દર વધારતા ડોલર સામે રૂપિયો સતત દબાણમાં રહ્યો

મુંબઈ, તા.૨૨

ભારતીય ચલણ રૂપિયો ડોલર સામે આજે વિક્રમી નીચી સપાટીએ ખુલી સતત નરમ રહી ઈતિહાસમાં ક્યારેય જોવા મળી હોય એટલી નીચી સપાટીએ બંધ આવ્યો હતો. ફોરેકસ માર્કેટમાં ટ્રેડીંગ બંધ રહ્યું ત્યારે ડોલર સામે રૂપિયો ૮૦.૮૬ની સપાટીએ બંધ આવ્યો હતો જે એક જ દિવસમાં ૮૮ પૈસાનો ઘટાડો સૂચવે છે.

ગુરુવારે ટ્રેડીંગ શરુ થયું ત્યારે ડોલર સામે રૂપિયો ૮૦.૨૮ની વિક્રમી નીચી સપાટીએ ખુલ્યા બાદ થોડી જ પળોમાં વધારે ઘટી ૮૦.૩૭ થઈ ગયો હતો. વૈશ્વિક બજારમાં અમેરિકન ડોલર ઈન્ડેક્સ ૧૧૨ની બે દાયકાની સૌથી ઊંચી સપાટીએ પહોંચતા, ફેડરલ રિઝર્વે વ્યાજના દર વધારતા આજે ડોલર સામે રૂપિયો સતત દબાણમાં રહ્યો હતો. ભારતની ચાલુ ખાતાની ખાધ વધી રહી છે, દેશની વિદેશી હૂંડિયામણની અનામત ઘટી રહી છે તેની અસર પણ રૂપિયા ઉપર જોવા મળી રહી છે.

બ્રિટનમાં હિંદુ મંદિરો પરના હુમલા અંગે જયશંકરે નારાજગી વ્યક્ત કરી

બ્રિટનના વિદેશ સચિવ સમક્ષ ઉઠાવ્યો મુદ્દો

નવી દિલ્હી,તા.૨૨

બ્રિટનમાં છેલ્લા કેટલાક દિવસોથી હિન્દુ મંદિરો પર હુમલાના અનેક અહેવાલો સામે આવી રહ્યા છે. કેટલાક કટ્ટરપંથી જૂથો સતત હિંદુ મંદિરોને નિશાન બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને પ્રદર્શનો પણ જોવા મળી રહ્યા છે. હવે ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકરે આ અંગે બ્રિટનના વિદેશ સચિવ સાથે વાત કરી છે. આ દરમિયાન તેમણે બ્રિટનમાં હિન્દુઓ પર થઈ રહેલા હુમલા અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તમામ લોકોને સુરક્ષા આપવાની વાત કરી હતી. આ બેઠકને લઈને વિદેશ મંત્રી તરફથી એક ટ્વીટ પણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરના હુમલાઓને ધ્યાનમાં રાખીને તમામ હિંદુ મંદિરોમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

કોંગ્રેસ અધ્યક્ષપદની રેસમાં દિગ્વિજયસિંહે પણ ઝંપલાવ્યું

કોંગ્રેસમાં અધ્યક્ષ પદની ખેંચતાણ વધુ રસાકસીભરી બની : કોંગ્રેસી નેતા શશિ થરૂર અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ કોંગ્રેસ અધ્યક્ષ પદની રેસમાં છે

નવી દિલ્હી, તા.૨૨

કોંગ્રેસમાં અધ્યક્ષ પદ માટેની ખેંચતાણ વધુ રસાકસીભરી બની રહી છે. પાર્ટીના દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહે પણ હવે પાર્ટી અધ્યક્ષ પદની રેસમાં ઝંપલાવ્યું છે. તેઓ આજે દિલ્હી પહોંચી રહ્યા છે અને પાર્ટીના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને મળવાના છે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસી નેતા શશિ થરૂર અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત પણ કોંગ્રેસ અધ્યક્ષ પદની રેસમાં છે. શશિ થરૂરે તો આ મામલે મધુસૂદન મિસ્ત્રીને મળીને ચૂંટણી પ્રક્રિયા અંગે વાતચીત પણ કરી હતી. આમ પાર્ટીમાં અધ્યક્ષ પદ માટેની ખેંચતાણ વધુ તેજ બની છે.

આમ ૨૨ વર્ષ બાદ દેશની સૌથી જૂની પાર્ટીના પ્રમુખને ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

અધ્યક્ષપદની ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીએ જાહેરનામું બહાર પાડ્યું

જાહેરનામું બહાર પડ્યા બાદ નામાંકન દાખલ કરવા માટેની પ્રક્રિયા ૨૪થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ચાલશે

નવી દિલ્હી, તા.૨૨

કોંગ્રેસના અધ્યક્ષ પદની ચૂંટણી માટે આજે જાહેરનામું બહાર પાડી દેવાયું છે. આ સાથે જ દેશના સૌથી જૂના રાજકીય પક્ષનું સર્વોચ્ચ પદ સંભાળનારી વ્યક્તિને પસંદ કરવા માટેની ચૂંટણી પ્રક્રિયા સત્તાવાર રીતે શરૂ થઈ ગઈ છે.

પાર્ટીના વરિષ્ઠ નેતા મધુસૂદન મિસ્ત્રીની અધ્યક્ષતાવાળી કેન્દ્રીય ચૂંટણી ઓથોરિટી દ્વારા આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણી માટેના ઘોષિત કાર્યક્રમ પ્રમાણે જાહેરનામું બહાર પડ્યા બાદ નામાંકન દાખલ કરવા માટેની પ્રક્રિયા ૨૪થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ચાલશે.

નામાંકન પાછું ખેંચવા માટેની અંતિમ તારીખ ૮મી ઓક્ટોબર છે. એકથી વધારે ઉમેદવાર નોંધાવા પર ૧૭મી ઓક્ટોબરના રોજ મતદાન થશે અને ૧૯મી ઓક્ટોબરના રોજ પરિણામો જાહેર કરવામાં આવશે.

શિંઝો આબેના રાજકીય અંતિમ સંસ્કારમાં મોદી હાજરી આપશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૭ સપ્ટેમ્બરે જાપાન જશે

નવી દિલ્હી, તા.૨૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૭ સપ્ટેમ્બરે જાપાન જશે. પીએમ મોદી ત્યાં જાપાનના પૂર્વ પ્રધાનમંત્રી શિંઝો આબેના રાજકીય અંતિમ સંસ્કાર કાર્યક્રમમાં ભાગ લેશે. જાપાનના પૂર્વ પ્રધાનમંત્રી શિંઝો આબેનું નિધન ૮ જુલાઈએ થયું હતું.

હકીકતમાં જાપાનના નારા શહેરમાં તેમના પર એક વ્યક્તિએ ગોળી ચલાવી દીધી હતી, ત્યારબાદ તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ તેમને બચાવી શકાયા નહીં. જ્યારે શિંઝો આબે પર આ હુમલો થયો ત્યારે તેઓ એક નાની જનસભાને સંબોધિત કરી રહ્યાં હતા. તેમને ગોળી લાગ્યા બાદ હાર્ટ એટેક આવ્યો હતો, જેના કારણે તેમનું નિધન થયું હતું.

મીડિયા રિપોર્ટ પ્રમાણે પ્રધાનમંત્રી મોદી પોતાની યાત્રા દરમિયાન શિંઝો આબેના વિશ્વાસુ અને વર્તમાન પ્રધાનંમત્રી ફુમિયો કિશિદા સાથે મુલાકાત કરશે.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્ય કક્ષા) SGBR સ્થાપના: ૧૯૮૯

ભાવભર્યું આમંત્રણ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજ્ય કક્ષા) ગાંધીનગર દ્વારા સમગ્ર ગાંધીનગર શહેર તથા જિલ્લાના ભૂદેવો માટે ગાંધીનગરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ભવ્ય થી ભવ્ય

પરશુ દિક્ષા

ફરશી દીક્ષા

નું આયોજન કરેલ છે. સાથો-સાથ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષાના

"ટ્રસ્ટી શ્રી યજ્ઞેશભાઈ દવે"

કે જેમને ભારતીય જનતા પાર્ટી દ્વારા

"બહુચરાજી મંદિરના ટ્રસ્ટી"

તરીકે નિમણુંક આપવામાં આવી તે અંગેનો સન્માન સમારોહ યોજવા જઈ રહેલ છે.

● તારીખ : ૨૪.૦૯.૨૦૨૨ શનિવાર

● સમય : સાંજે ૫.૩૦ કલાકે

મુખ્ય સમારોહ અધ્યક્ષ: શ્રી ભરતભાઈ રાવલ (પ્રદેશ પ્રમુખ)

મુખ્ય મહેમાન: શ્રી હીતેશભાઈ મકવાણા (ગાંધીનગર -મેયર)

દિપ પ્રાગટ્ય: ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદી : એડવોકેટ, મુખ્ય સંગઠક, દિનેશભાઈ રાવલ, પ્રદેશ પ્રવક્તા; માલવભાઈ પંડિત : યુવા અધ્યક્ષ

અતિથિ વિશેષ: રામભાઈ મોકારિયા : રાજ્યસભાના સાંસદશ્રી; રંજનબેન ભટ્ટ : લોકસભાના સાંસદશ્રી; આલોકકુમાર પાંડે : IAS, મેનેજીંગ ડિરેક્ટર-ગુજરાત ટુરીઝમ; રૂચિર ભટ્ટ : ગાંધીનગર શહેર પ્રમુખ, ભાજપ; ભાર્ગવભાઈ ભટ્ટ : ભાજપ, પ્રદેશ મહામંત્રી; જાનવીબેન વ્યાસ : ભાજપ મહિલા પાંખના પ્રદેશ મહામંત્રી અને વડોદરાના પ્રભારી

ફરસી પૂજન: મનનભાઈ શાસ્ત્રી : એસ્ટ્રોલોઝર એન્ડ કર્મકાંડ

ફરસી માર્ગદર્શન: શ્રી દિલીપભાઈ ત્રિવેદી : કેન્દ્રીય અધ્યક્ષ અને લીગલ સેલ ના રાષ્ટ્રીય મહામંત્રી, વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત રાજ્ય

દાતાશ્રી: કિરીટભાઈ રમણલાલ ઉપાધ્યાય ફરસી દાતા વિશ્વ હિન્દુ પરિષદ ગુજરાત રાજ્ય; નાજાભાઈ ઘાંઘર : ગુજરાત પ્રદેશ ભાજપ - બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ; બ્રિજરાજસિંહ ગંભીરસિંહ ગોહિલ : ભાજપ યુવા નેતા- ફરસી દાતા

બ્રહ્મભોજન: સાંજે : ૭.૩૦ કલાકે

નિમંત્રક: શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ (રાજ્ય કક્ષા) ગાંધીનગર શહેર/જિલ્લા પરિવાર

વધુ માહિતી માટે સંપર્ક કરો : સુનિલભાઈ ત્રિવેદી : પ્રમુખશ્રી - 9825787638, જીગ્નેશ રાવલ : યુવા પ્રમુખશ્રી - 9725944759

શુભ સ્થળ: સ્થળ : સેક્ટર - ૧૬, રંગમંચ, ગાંધીનગર.

એડિ. મેજિસ્ટ્રેટને ત્યાંથી છ બિલ્ડિંગ, ૨૧ પ્લોટ સહિતની કરોડોની બેનામી સંપત્તી મળી

ઓડિશામાં વિજિલન્સ ડિપાર્ટમેન્ટને મોટી સફળતા : ૪ ડીએસપી, ૧૦ ઈન્સપેક્ટર, ૪ એએસઆઈઅને અન્ય કર્મચારીઓના નેતૃત્વમાં ૮ ટીમોએ દરોડા પાડ્યા હતા

ભુવનેશ્વર, તા.૨૨

ઓડિશામાં વિજિલન્સ ડિપાર્ટમેન્ટને મોટી સફળતા સાંપડી છે. ઓડિશા વિજિલન્સે બુધવારે સુંદરગઢ જિલ્લામાં એક એડિશનલ મેજિસ્ટ્રેટના ઘરે દરોડા પાડ્યા હતા જેમાં કરોડોની બેનામી સંપત્તિનો ખુલાસો થયો છે. આવક કરતાં વધારે મિલકતના કેસમાં અધિક મેજિસ્ટ્રેટ કુલમણિ પટેલના ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા. મેજિસ્ટ્રેટ કુલમણિ પટેલ સામે આવક કરતા વધારે મિલકતો હસ્તગત કરવાના આરોપો બાદ ૬ બિલ્ડીંગ અને ૨૧ પ્લોટ સહિત કરોડોની સંપત્તિનો પર્દાફાશ થયો છે. કુલમણિ પટેલને ત્યાં દરોડા બાદ સ્ટેટ વિજિલન્સને અત્યાર સુધીમાં ૨ ભવન, ૪ મકાન, ૨૧ પ્લોટ, ૨ ટ્રેક્ટર અને ૫ વાહન મળી આવ્યા છે. ૪ ડીએસપી, ૧૦ ઈન્સપેક્ટર, ૪ એએસઆઈઅને અન્ય કર્મચારીઓના નેતૃત્વમાં ૮ ટીમોએ બુધવારે સુંદરગઢ જિલ્લામાં તંગરાપલ્લીના એડિશનલ મેજિસ્ટ્રેટની સંપત્તિઓ પર દરોડા પાડ્યા હતા.

એક અધિકારીએ જણાવ્યું કે, દરોડા દરમિયાન વિજિલન્સ ડિપાર્ટમેન્ટના ઓફિસરોને લેફ્રિપાડામાં એક કરોડ રૂપિયાની ૩ માળની આવાસીય ઈમારત અને ચિતાભંગામાં ૪૬.૨૯ લાખ રૂપિયાની બે માળની ઈમારત મળી આવી હતી. એટલું જ નહીં વિજિલન્સ અધિકારીઓને ડુમ્બરબહાલમાં ૩ રહેણાંક સંકુલ અને સુંદરગઢ જિલ્લાના પ્રમુખ વિસ્તારમાં ૨૧ પ્લોટ પણ મળી આવ્યા હતા.

અધિકારીએ જણાવ્યું કે, ટેક્નિકલ વિંગ આ ઈમારતો અને પ્લોટની વિગતવાર માપણી કરી રહી છે. ઓડિશા સરકારની ભ્રષ્ટાચાર વિરોધી વિંગે પટેલના ૧૪.૪૮ લાખ રૂપિયાનું મૂલ્ય ધરાવતા ૩ ફોર વ્હીલર, બે ટ્રેક્ટર અને ૧૪ લાખ રૂપિયાના બે ટ્રેલરનો પણ પર્દાફાશ કર્યો છે. દરોડા દરમિયાન મેજિસ્ટ્રેટના ૭.૮૧ લાખ રૂપિયાના મૂલ્યના સોના અને ચાંદીના ઘરેણાં સાથે ૩૭.૬૮ લાખની ડિપોઝીટ પણ જપ્ત કરવામાં આવી હતી.

પ્રાર્થના સભા (બેસણું)

મારા ધર્મપત્ની આશાબેન અશોકભાઈ ભટ્ટ (ઉ.વ.૮૪)નો તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

સદ્ગતની પ્રાર્થનાસભા

તા. ૨૩ સપ્ટેમ્બર શુક્રવારના રોજ સાંજે ૫ થી ૭-૩૦ કલાકે રાખેલ છે.

સ્થળ : બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર

શ્રી અશોકભાઈ ગ. ભટ્ટ

નૈમિષ અશોકભાઈ ભટ્ટ (મો. ૯૮૨૫૧ ૧૨૧૧૫)
નિલીમા નૈમિષ ભટ્ટ
વાગ્મિ નૈમિષ ભટ્ટ

ભારતી ઉદય રાવલ
ઉદય અવિનાશભાઈ રાવલ
ઋચા ઉદય રાવલ